**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી




# લાશો ઉપર થયેલ ચમત્કાર સુએઝ નહેર

કલ્પના કરો દુનિયાનું સૌથી મોટું જહાજ ફક્ત ચારસો મીટર પહોળી નહેરમાં જરા ત્રાંસુ થયું અને પુરી દુનિયા થંભી ગઈ. અબજો ડૉલરનો વ્યાપાર એક જગ્યાએ ફસાઈ ગયો. એ જગ્યા એટલે સુએઝ નહેર. સુએઝ નહેરથી બનવાથી પહેલા યુરોપથી એશિયા સુધી એકમાત્ર માર્ગ હતો આફ્રિકાનું પુરું ચક્કર કાપવું પડતું. ત્રણથી ચાર મહિનાની સમુદ્રી મુસાફરી, અનિયંત્રીત તોફાન, સમુદ્રી ડાકૂ અને જહાજ પાછું કરશે કે કેમ તેનો ભય. મસાલા, રેશમ, ચા એ દુર્લભ ન હતા, પણ કિંમત એટલી હતી કે તેને યુરોપ પહોંચાડવા લગભગ જાનનું જોખમ હતું, પણ માણસની સૌથી ખતરનાક આદત છે તે અસંભવને પડકાર આપવો. હજારો વર્ષ પહેલા મિસ્રના લોકોએ લાલસાગર અને નાઈલ નદીને જોડવાની કોશીશ કરી હતી. કેટલીક નહેરો બની કેટલીક રેતીમાં ગારદ થઈ ગઈ. તકનીક સિમિત હતી, સાધનો ઓછાં અને પ્રકૃતિ વધારે તાકાતવાન હતી. ઓગણીસની સદી આવતાં આવતાં દુનિયા બદલવા લાગી, વરાળથી ચાલતાં જહાજ આવી ગયાં હતાં. ઔદ્યોગિક ક્રાંતિએ વ્યાપારી ભૂખ વધારી મૂકી હતી. યુરોપને એશિયા જોઈતું હતું, ઝડપી અને સુરક્ષીત. ત્યારે વિચાર આવ્યો કે ભૂમધ્ય સાગર અને લાલસાગરને જોડી દેવામાં આવે. એ માત્ર વિચાર નહોતો તે રાજનીતિ અને ભવિષ્ય હતું. અહીંથી શરૂ થઈ સુએઝ નહેરની કહાની.

**યુરોપને એશિયા જોઈતું હતું, ઝડપી અને સુરક્ષીત. ત્યારે વિચાર આવ્યો કે ભૂમધ્ય સાગર અને લાલસાગરને જોડી દેવામાં આવે. એ માત્ર વિચાર નહોતો તે રાજનીતિ અને ભવિષ્ય હતું. અહીંથી શરૂ થઈ સુએજ નહેરની કહાની**

૧૮૫૯ની સાલ. મિસ્રનું રણ. ચારેતરફ ફેલાયેલી રેત, ગરમી એટલી કે બપોરે પગ મૂકવો પણ મુશ્કેલ. અહીંથી શરૂ થયું માનવજાતનું સૌથી ખતરનાક ઈન્જીનીયરીંગ પ્રયોગ. ફર્ડીનેન્ડ ડી લેપસ પાસે કોઈ જીપીએસ નહોતું, નહોતા મોટા મશીનો. હતા ફક્ત નકશા અને ગણતરીઓ. સૌથી મોટી મુશ્કેલી રેતીની હતી. જે દિવસે ખોદાયેલી નહેરને રાતે ભરી દેતી હતી. દિવસભરની મહેનત બીજા દિવસે ગાયબ. પછી આવ્યો બીજો પડકાર. જેમ જેમ ખોદકામ થયું તેમ નમકીન ભૂજલ ઉપર આવવા માંડ્યું. જમીન કાદવવાળી થઈ ગઈ. કેટલીય જગ્યાએ ખોદાયેલી દિવાલો ધસી પડી. ઈન્જીનિયરોને સમજ આવી કે જો ટેકનીક બદલવામાં નહીં આવે તો આ સપનું અહીં જ દફન થઈ જશે. ત્યારે પહેલીવાર વરાળથી ચાલતી ડ્રેજીંગ મશીનો લાવવામાં આવી. સુએઝ નહેરને ઈંજીનીયરીંગનો ચમત્કાર માનવામાં આવે છે. પણ આ ચમત્કાર રેતી પર નહીં લાશો ઉપર થયો હતો. મિસ્રમાંથી હજારો મજુરોને જબરદસ્તીથી કામ ઉપર લાવવામાં આવ્યા. એ કામ નહીં આદેશ હતો. પીસ્તાલીસ ડીગ્રી ગરમી, પીવા માટે પાણી નહીં, ક્યાંય છાંયડો નહીં અને કામ દિવસના ચૌદ કલાક. મેલેરિયા અને કોલેરા ઝડપથી ફેલાવા લાગ્યો. જે મજુર બિમાર પડ્યો તે ફરી કદી દેખાયો નહીં. ઈતિહાસકારો માને છે કે વીસ હજાર મજુરો આ પરિયોજના દરમિયાન મરી ગયા. યુરોપમાં બેઠેલા વેપારીઓ માટે એ નહેર લાભનું ગણીત હતું. પણ મિસ્રની જમીન એક ખુલ્લું કબ્રસ્તાન હતું. ધીમે ધીમે આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું, મજુરોની સ્થિતિની ટીકાઓ થઈ, આખરે જબરદસ્તી ઉપર રોક લાગી. પણ ત્યાં સુધી બહુજ મોડું થઈ ગયું હતું. સુએઝ નહેર આગળ વધતી હતી. આખરે ૧૭ નવેમ્બર ૧૮૬૯નો દિવસ આવ્યો.

સુએઝ નહેર કાયદેસર ખુલ્લી ગઈ. જ્યારે પહેલીવાર એક જહાજ લાલ સાગરમાંથી સીધું ભૂમધ્ય સાગરમાં પહોંચ્યું એ માત્ર એક સમુદ્રી ઘટના નહોતી, એ ઈતિહાસનું પરિવર્તન હતું. યુરોપથી ભારત પહોંચવામાં ક્યારેક નેવુ થી સો દિવસ લાગતા. હવે માત્ર વીસ દિવસમાં પહોંચી જવાતું. યુરોપ અને એશિયા વચ્ચેનું અંતર નકશામાં નહીં સમયમાં સમાઈ ગયું. સુએઝ નહેર માત્ર વેપારને મદદ માટે નહોતી, તે સત્તાનું ઓજાર બની ગઈ. જેની પાસે નહેરનું નિયંત્રણ હતું તેની પાસે દુનિયાની ધડકન હતી. એજ સમયે એક ખતરનાક નિર્ભરતાએ જન્મ લીધો. ત્યારે કોઈએ વિચાર્યું નહોતું કે આ નહેર દુનિયાને રોકી પણ શકે છે.

અર્થશાસ્ત્રીઓ સુએઝ નહેરને 'મેન મેડ ચોક પોઈંટ' કહે છે. કોઈને ખબર નહોતી કે એ માર્ગ જાણીજોઈને સાંકડો કરી દેવામાં આવ્યો છે. જગત માનતું હતું કે સુએઝ હંમેશા ખુલી રહેશે પણ ઈતિહાસ શીખવે છે કે જે રસ્તો માણસ બનાવે છે તે માણસની ભૂલથી બંધ પણ થઈ શકે છે. એ ભૂલ ૨૦૨૧માં સામે આવી. ૨૩ માર્ચ ૨૦૨૧ના રોજ ચારસો મીટર લાંબું અને બે લાખ વીસ હજાર ટન વજનવાળું 'એવર ગ્રીન' જહાજ ત્રાંસુ થયું. એનો આગળનો ભાગ નહેરની માટીમાં ખૂંપી ગયું અને પાછલા ભાગે બીજા કિનારા સુધીનો માર્ગ બંધ કરી દીધો. બીજા દિવસે જહાજોની લાઈન લાગી ગઈ. છ દિવસમાં ચારસોથી વધુ જહાજ ફસાઈ ગયાં. દર કલાકે લગભગ ચારસો કરોડનો વેપાર અટક્યો. મશીનો આવી ત્યારે માર્ગ ખુલ્યો. સુએઝ નહેર અત્યારે સૌથી વ્યસ્ત સમુદ્રી માર્ગ છે અને તે સૌથી ખતરનાક ટાઈમ બોમ પણ છે. જો ભૂકંપ આવ્યો તો શું થશે? ખરેખર ત્યારે જ સમજાશે કે આખી દુનિયાની અર્થવ્યવસ્થા માનવે બનાવેલા રસ્તા ઉપર ઊભી છે.

# શું વધુ ચા પીવાથી ખરેખર રંગ કાળો પડી જાય છે?

ભારતમાં ચા માત્ર એક પીણું નથી, પણ એક લાગણી છે. સવારની શરૂઆત હોય કે ઓફિસનો થાક એક કપ ગરમ ચા બધું જ ઠીક કરી દે છે. પરંતુ ચા પીનારા લોકોએ અવારનવાર એક વાત સાંભળવી પડતી હોય છે કે, 'વધારે ચા ના પી, તારો રંગ કાળો પડી જશે! ખાસ કરીને બાળકોને ચાથી દૂર રાખવા માટે વડીલો આ દલીલ કરતા હોય છે. પરંતુ શું ખરેખર ચા પીવાનો અને ત્વચાના રંગનો કોઈ સંબંધ છે? ચાલો જાણીએ આ પાછળનું વૈજ્ઞાનિક સત્ય

નિષ્ણાતોનું કહેવું છે કે, ચા પીવાથી ત્વચાના રંગ પર સીધી કોઈ અસર પડતી નથી. ઘણા લોકોને એવું લાગે છે કે, ચા પીવાથી સ્કીન ડાર્ક થઈ જાય છે, પરંતુ આ માત્ર એક ગેરસમજ છે. ચામાં એવા કોઈ તત્વો નથી જે મેલાનિનના ઉત્પાદનમાં વધારો કરે અને તમારી ત્વચાને કાળી બનાવે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી આવું કંઈ જ થતું નથી.



જોકે, ખૂબ જ ગરમ ચા પીવાથી હોઠ પર હળવું પિગમેન્ટેશન અથવા રંગમાં ફેરફાર થઈ શકે છે, પરંતુ તેનો ત્વચાના રંગ સાથે કોઈ સંબંધ નથી. તેથી એમ કહેવું કે, ચા પીવાથી ચહેરો કાળો પડી જાય છે, તે સંપૂર્ણપણે ખોટું છે.

ચા માત્ર સ્વાદ માટે જ નહીં, પણ સ્વાસ્થ્યના અનેક ફાયદાઓ માટે પણ જાણીતી છે. ખાસ કરીને બ્લેક ટી અને ગ્રીન ટી માં ભરપૂર પ્રમાણમાં એન્ટીઓક્સિડન્ટ્સ જોવા મળે છે, જે શરીરમાં ફ્રી રેડિકલ્સની અસરને ઓછી કરવામાં મદદ કરે છે. આનાથી શરીરને અનેક પ્રકારની બીમારીઓ સામે રક્ષણ મળી શકે છે. દૂધવાળી ચાનું વધુ પડતું સેવન કરવાથી સ્વાસ્થ્યને લગતી કેટલીક સમસ્યાઓ પણ થઈ શકે છે, જેમ કે ખાલી પેટે કે વધુ ચા પીવાથી પેટમાં બળતરા કે એસિડિટી થઈ શકે છે, કબજિયાત અથવા પાચન સંબંધિત તકલીફો ઊભી થઈ શકે છે, જો ચામાં ખાંડનું પ્રમાણ વધારે હોય, તો ડાયાબિટીસ ( Diabetes )નું જોખમ વધી શકે છે.